મધ્યાહન ભોજન યોજના માટે
વાસણોની ખરીદી બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મભય-૧૩૯૮-૪૭૧-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 16 NOV 2000

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગને તા. ૨૮-૧૧-૮૪ નો ઠરાવ ક્રમાંક : ૧૦૮૪-ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૧-૫-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક : મભય-૧૩૯૮-૪૭૧-૨,

(૩) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓના તા.૧૯-૮-૨૦૦૦ અને તા. ૮-૯-૨૦૦૦ ના પત્ર ક્રમાંક : મભય - વહટ - ખરીદી - ૯૩૩૪

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૨-૧૨-૭૯ ઠરાવ ક્રમાંક : એસ.પી.ઓ. ૧૧૭૯-૯૯૦૯-વ

(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨-૧૨-૯૭ ના ઠરાવ ક્રમાંક : એસ.પી.ઓ. ૧૦૭૯-૯૪૭-વ

ઠરાવ :-

ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાના ધોરણ - ૧ થી ૭ માં ભણતાં બાળકોને પોશણક્ષણ પુરક આહાર આપવા માટે રાજ્ય મધ્યાહન યોજના સને ૧૯૮૪ થી ચાલુ કરવામાં આવેલ છે, આ યોજના શરૂ થઇ ત્યારે મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોમાં રસોઇ બનાવવા માટે વાસણો ખરીદવામાં આવ્યા હતા. તેને ૧૬ વર્ષ કરતાં વધુ સમય થવાના કારણે આ વાસણો લગભગ જર્જરીત અને બિન ઉપયોગી થયા છે. આથી તાત્કાલિક વાસણો ખરીદવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. મધ્યાનહન ભોજન યોજનાના કેન્દ્ર માટે વાસણો ખરીદવા માટે જિલ્લા કક્ષાએ યોજનાની કામગીરી સંભાળતા તમામ મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેક્ટરશ્રીઓ તરફથી તથા ભારત સરકારશ્રીના મધ્યાહન ભોજન યોજનાના નોડલ ઓફિસર્સશ્રીઓની મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો પરની મુલાકાત દરમ્યાન તાત્કાલિક વાસણો ખરીદી કરવાની રજુઆત થયેલ છે. આ વાસણો ખરીદી અંગેની કાળજી પૂર્વકની વિચારણાબાદ નીચે પ્રમાણેની કાર્યપદ્ધતિ અપનાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મભય - ૧૩૯૮-૪૭૧-૨ તા. ૧-૫-૨૦૦૦ થી વાસણોની જરૂરીયાત (સાઇઝ, આકાર, કદ, વજન વગેરે) નક્કી કરવાની સમિતિની રચના કરવામાં આવી છે. તેમજ આ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે વાસણ ખરીદ સમિતિની પણ

રચના કરવામાં આવેલ છે. ઠરાવ મુજબ વાસણોની ખરીદી કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાએ જ કરવાની રહે છે.

(૨) ઉપરોક્ત આ વિભાગના તા. ૧-૫-૨૦૦૦ ના ઠરાવ મુજબ કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાઓ વાસણ ખરીદ સમિતિની રચના કર્યા બાદ ખરીદ સમિતિની તા. ૯-૬-૨૦૦૦ ના રોજની બેઠકમાં વાસણોની ખરીદી પચાસ લાખથી વધુ હોઈ સચિવશ્રીઓની ખરીદ સમિતિની મંજુરી મળવવાની પણ હોઈ સચિવશ્રીઓની ખરીદ સમિતિ સમક્ષ રજુ કરવા તથા મધ્યસ્થ સ્ટોર્સ ખરીદ તંત્ર પાસેથી વાસણોના સ્પેશીફીકેશન મંજુર કરાવવા અને તાંત્રિક મંજુરી મેળવવા નક્કી કરવામાં આવેલ છે.

(૩) આ ખરીદ સમિતિના નિર્ણય મુજબ કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજનાએ મધ્યસ્થ સ્ટોર્સ ખરીદ તંત્રને જણાવેલ. તેઓએ તેમના તા. ૧-૮-૨૦૦૦ ના પત્રથી જણાવ્યા મુજબ મધ્યાહન ભોજન યોજના માટેના વાસણોના સ્પેશીફિકેશનની (તાંત્રિક મંજુરી) સી. એસ.પી.ઓ. તરફથી આપવાની રહેતી નથી અને કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજનાની કચેરીએથી જુદી જુદી જરૂરીયાત મજુબના વાસણો સ્પેશીફિકેશન નક્કી કરવાના થશે.

(૪) મધ્યાહ ભોજન યોજના માટે વાસણો ખરીદવા માટેના શિક્ષણ વિભાગના વંચાણે લીધેલા તા. ૧-૫-૨૦૦૦ ઠરાવની નક્કી થયેલ ૧ થી ૮ મુજબ શરતો મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા. ૧-૫-૨૦૦૦ ઠરાવની શરત ૧ થી ૨ મુજબ કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાએ જરૂરીયાત પ્રમાણેના વાસણો નક્કી કરી વાસણો ખરીદવા વર્તમાન પત્રમાં જાહેરાત આપી સેલટેક્ષ નંબર ધરાવતા જે તે આઇટમના ઉત્પાદક તથા તેના અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ ટેન્ડરો મંગાવવાના રહેશે.

(૬) આ પદ્ધતિથી મેળવેલ ટેન્ડરો કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાએ નિયમો પ્રમાણે ખોલવાના રહેશે અને નિયમો મુજબ સ્વીકારવાપાત્ર ટેન્ડરોના ભાવોનું તુલનાત્મક પત્રક બનાવી સ્વીકારવાપાત્ર જણાતા ભાવ અથવા ભાવો અંગેની પોતાની સ્પષ્ટ ભલામણ અને તેના કારણો સાથે એસ.પી.સી. (સચિવશ્રીઓની ખરીદ સમિતિ) સમક્ષ રજુ કરવાના રહેશે. ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગના ઠરાવના ક્રમાંક એસ.પી.ઓ. ૧૧૭૯-૯૯૦૯-ચ-તા.૧૨-૧૨-૭૯ થી સચિવશ્રીઓની ખરીદ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં જે તે વહીવટી વિભાગના સચિવશ્રી સભ્ય તરીકે હોય છે. એટલે કે આ સમિતિમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રી સભ્ય રહેશે. તેમજ અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ અને સચિવશ્રી ઉદ્યોગ સમિતિના સભ્યો રહેશે.

(૭) સચિવશ્રીઓની ખરીદી સમિતિ તરફથી મળેલ આદેશો મુજબ વાસણોના ભાવો જે ઈજારદારના મંજુર કરવામાં આવ્યા હોય તેઓ પાસેથી વાસણો ખરીદવા માટે જરુરી ખરીદી હુકમો કમિશ્નરશ્રીએ કરવાના રહેશે. પછીથી જે શરતે ભાવો મંજુર કરવામાં આવ્યા હોય તે ભાવો એક વર્ષ સુધી અમલમાં રહેશે. અને કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની જરુરીયાત અને નાણાંકીય ઉપલબ્ધતા મુજબ મંજુર થયેલ ભાવોથી વાસણો ખરીદી શકાશે.

(૮) ઈજારદારો ધ્વારા પુરા પાડવામાં આવેલ વાસણોની નિર્ધારીત જરુરીયાત તથા માપદંડો વાસણો ( માપ, આકાર, કદ, વજન વગેરે ) પ્રમાણેના જ છે તે અંગેની ચકાસણી કરવાની રહેશે. તેમજ તે અંગેનું જવાબદાર અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ નાણા ચુકવી શકાશે.

(૯) વંચાણે લીધેલ વિભાગના સરખા ક્રમાંકવાળા તા. ૧-૫-૨૦૦૦ ના ઠરાવની ૧ થી ૮ શરતો પ્રમાણે વાસણો ખરીદવા અંગે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) આ ઠરાવ શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ ઉપર ઉધોગ અને ખાણ વિભાગના તા. ૪-૧૧-૨૦૦૦ ની નોંધની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

16/11/2000

એલ. જે. ચારેલ
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

16 NOV 2000

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી.
- મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
- બધા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- બધા રાજયમક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- બધા નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી.

---

- ઉધોગ કમિશ્નરશ્રી, ( સી. એસ. પી. ઓ.)
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ- ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ- ગાંધીનગર.
- આસીસ્ટન્ટ લોકલ ફંડ એકાઉન્ટસ, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.

સર્વે નાયબ કલેકટરશ્રીઓ ( મધ્યાહન ભોજન યોજના)
સર્વે જસલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
સીલેકટ ફાઇલ.